ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ, ભાવનગર.

CIN : U40102GJ2003SGC042908

e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૭૮/૨૩–૨૪/ 568 તારીખ: 18 JUN 2024

**આર.પી.એ.ડી.**

કેસ નં.૭૮/૨૩–૨૪

પ્રતિ,
**શ્રી ઓમ ઈન્ડસ્ટ્રીઝ,**
પ્લોટ નં.૨૮૧૬, ફેઝ–૪,
જી.આઈ.ડી.સી., વઢવાણ સીટી,
સુરેન્દ્રનગર.

**મો.નં. ૯૮૭૯૮ ૧૯૫૦૭/ ૭૦૧૬૨ ૮૨૪૫૫.**

**વિષય : સી.જી.આર.એફ. કેસ નં.૭૮/૨૩–૨૪ ના હુકમને રીવ્યુ કરવા બાબત.**

સંદર્ભ : (૧) આપની ફોરમને હુકમને રીવ્યુ કરવાની અરજી પત્ર તા.૦૯/૦૪/૨૦૨૪.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૭૮/૨૩–૨૪/(R)/૩૯૯ તા.૦૧/૦૫/૨૦૨૪.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૨૯/૦૫/૨૦૨૪** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **સુરેન્દ્રનગર.**

*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**

(૧) શ્રી અધિક્ષક ઈજનેર, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર, પ. ગ. વી. કં. લિ., પેટા વિભાગીય કચેરી, **સુરેન્દ્રનગર શહેર–૧.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

# ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૭૮/૨૩–૨૪** ☜

**વાદી** :– **શ્રી ઓમ ઈન્ડસ્ટ્રીઝ**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ– તા.૨૯/૦૫/૨૦૨૪** ◈

હાજર રહયા :– **શ્રી ભાવેશભાઈ વી. આસવાણી (વાદીશ્રી પોતે)**

પ્રતિવાદી :– **શ્રી એમ. વી. ઝાલા, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી ઓમ ઈન્ડસ્ટ્રીઝ, મુ.વઢવાણ–સુરેન્દ્રનગર ની સી.જી.આર.એફ. કેસ નં.૭૮/૨૩–૨૪ ના હુકમને રીવ્યુ કરવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં યોગ્ય પ્રત્યુતર માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/૭૮/૨૩–૨૪/(R)/૩૯૯ તા.૦૧/૦૫/૨૦૨૪ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

જે અન્વયે, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા. **૨૯/૦૫/૨૦૨૪** ના રોજ સુરેન્દ્રનગર મુકામે ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી શ્રી ભાવેશભાઈ વી. આસવાણી પોતે હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એમ. વી. ઝાલા, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ ફોરમના પત્ર નં.બીઝેડ/ફોરમ/૭૮/૨૩–૨૪/૨૪૨ તા.૧૬/૦૩/૨૦૨૪ અમોને ઓર્ડરની નકલ તા.૧૮/૦૩/૨૦૨૪ ના રોજ મળેલ છે, જે અંગે અમોને આ ઓર્ડરમાં અમુક વિગતો લીધેલ નથી, તે અંગે ફરીથી રજુઆત અંગે અમો આ સાહેબશ્રીને રીવ્યુ અરજી કરીએ છીએ. જે વિગતો લીધેલ નથી, તે વિગતો નીચે મુજબ રજુઆત કરીએ છીએ.

૧.૨ અમારૂ મીટર ગ્રાહક નં.૭૨૬૦૩/૩૦૪૨૭/૫ તા.૨૧/૦૪/૨૦૨૨ ના રોજ PDC કરવામાં આવેલ હતું, જેના રોજકામની નકલ આ સાથે સામેલ કરીએ છીએ. સ્થળ ઉપરથી મીટર લઈ ગયા બાદ પણ અમોને ન્યુનતમ બીલ આશરે રૂ.૩૨૫/– ના બીલ ૧૮ થી ૨૦ બીલો આપવામાં આવેલ હતા, તે બધા બીલોની રકમ અમોને પરત જમા આપવા વિનંતી.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

૧.૩ વર્ષ ૨૦૧૮–૨૦૨૨ દરમ્યાન અમોને ૦ યુનિટ ના બીલો બનાવીને આપેલ હતાં, તે બીલોમાં ન્યુનતમ બીલની રકમ કરતા પણ વધુ રકમના બીલો બનાવી અમારી પાસે રકમ વસુલ કરેલ છે. જે તે સમયે ૦ યુનિટના રૂા.૩૨૫/– ની રકમ બીલની ગણતરી કરવી તો વર્ષ ૨૦૧૮–૨૦૨૨ સુધીના ૦ યુનિટના વધુ રકમ ચુકવેલ છે, તે અમોને રકમ પરત જમા આપવા વિનંતી કરશોજી.

૧.૪ અમોને પીજીવીસીએલ સીટી–૨ પે.વિ. કચેરી, સુરેન્દ્રનગર દવારા મીટર નં.PG ૬૮૨૭૯૯ ગ્રાહક નં.૭૨૬૦૩૩૦૪૨૭૫ નો લેબ રીપોર્ટ આપવામાં આવેલ હતો, તેમાં MRI Report, Tamper Report વિગેરે રીપોર્ટ આપવામાં આવેલ હતાં, તેમાં Tamper Data Sheet માં પાના નં.૧૩ માં આશરે ૧૨૦૦૦ થી ૧૫૦૦૦ યુનિટનો જમ્પ મારેલ છે. તો ઉપરોકત Tamper Data Sheet આ સાથે જોડેલ છે. તો આપના Tamper Data Sheet માં જણાય છે કે, અમોને ખોટા વધુ યુનિટ તથા ખોટું વધુ રકમનુ બીલ આપવામાં આવેલ છે, તો તે અંગે આશરે ૧૫૦૦૦ યુનિટનો જે જમ્પ મારેલ છે, તે અમોને અમારા ઉપરોકત બીલમાંથી મજરે તેટલી રકમનો બાદ આપવા મહે. કરશોજી.

૧.૫ અમોને ઉપરોકત સીજીઆરએફ કેસ નં.૭૮ તા.૧૬/૦૩/૨૦૨૪ ઓર્ડર મળ્યા બાદ અમોને પીજીવીસીએલ સીટી–૨ પે.વિ.કચેરી, સુરેન્દ્રનગર દવારા DPC Calculation Sheet આપવામાં આવેલ, જેમાં રૂા.૫૬,૮૩૮/– અલગથી ભરવા માટે માંગણી કરેલ છે. જે અમોને માન્ય નથી. કારણકે, આ પ્રકારનો કોઈ વ્યાજનો ઉલ્લેખ આપના સીજીઆફએફ કેસ નં.૭૮ તા.૧૬/૦૩/૨૦૨૪ ના ઓર્ડરમાં અલગથી કરવામાં આવેલ નથી. તેમજ સીજીઆરએફના ચુકાદા મુજબનું બીલ રકમ રૂા.૨,૬૫,૫૧૭/– જેની સામે હજુ પણ અમારો વાંધો છે તથા અન્ય DPC Caclulation Sheet મુજબ ની રકમ રૂા.૫૬,૮૩૮/– એમ મળીને કુલ રૂા.૩,૨૨,૩૫૫/– ની રકમ થાય છે, જે રકમ તમારા દવારા અગાઉ આપવાં આવેલ વિવાદાસ્પદ બીલની રકમ રૂા.૩,૦૩,૫૯૫/– કરતા વધી જાય છે. તો અમોને ન્યાય કયાંથી મળ્યો કહેવાય.

૧.૬ વધુમાં જણાવવાનું કે, ઉપરોકત બીલની જાણ અંતિમ નોટીસ નં.SCSD-2/Legal/DE/366 તા.૦૬/૦૨/૨૦૨૪ ના રોજ મળેલ તે અગાઉ અમોને આપના દવારા કોઈપણ નોટીસ કે કોઈપણ જાતનો પત્ર ઉપરોકત બીલ અંગે જાણ થયેલ નથી. આથી આપ સાહેબશ્રીને વિનંતી છે કે ઉપરોકત DPC ની રકમ રૂા.૫૬,૮૩૮/– રદ (માફ) કરવા વિનંતી કરશોજી. તો આપ સાહેબશ્રીને વિનંતી છે કે ઉપરોકત બીલ અંગે પુનઃ વિચારણા કરી સાચુ અને ન્યાયપુર્વક બીલ કરી આપવા વિનંતી છે.

૧.૭ અમોને પીજીવીસીએલ સીટી–૨ પે.વિ. કચેરી, સુરેન્દ્રનગર દવારા પત્ર નં. DE/SCSD-2/EST/TECH/REV/2470 તા.૨૮/૦૩/૨૦૨૪ અમોને તા.૦૧/૦૪/૨૦૨૪ ના રોજ મળેલ તેમાં ૭૧ માસના સરખે ભાગે પ્રોરેટા મુજબનુ બીલ બનાવેલ તેમાં જણાવવાનું કે, એનર્જી દર સમાન લગાડેલ છે. જે યોગ્ય નથી. જે તે વર્ષ દરમ્યાન યુનિટનો દર જર્ક (GERC) મુજબ લગાવવો જોઈએ, તે લગાવેલ નથી. અને FCA અને ED તો ચાર્જ પણ જે તે વર્ષ દરમ્યાનનું ઓછા દરની ગણતરી મુજબ કરીને રીવાઈઝ બીલ કરી આપવા વિનંતી કરશોજી.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૧.૮ અમારૂ મીટર નું PDC તા.૨૧/૦૪/૨૦૨૨ દરમ્યાન થયેલ હતું, જેની રોજકામની નકલ આ સાથે સામેલ છે. તો તા.૨૧/૦૪/૨૦૨૨ પછી બીલો બનાવી ન શકાય. તો ઉપરોક્ત ૭૧ માસના બીલો રીવાઈઝ કરવાના રહેશે. જેમાં વર્ષ મે–૨૦૧૭ થી એપ્રિલ–૨૦૨૨ સુધીના બીલો જે તે વર્ષોના પ્રોરેટા મુજબ યુનીટ ચાર્જ અને FCA અને ED નો ચાર્જ ગણતરી કરીને યોગ્ય રીતે ઓછા દર મુજબ તથા ન્યુનતમ રકમનું રીવાઈઝ બીલ બનાવી આપવા મહેરબાની કરશોજી.

<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...

૨.૧ વાદી શ્રી મે. ઓમ ઈન્ડસ્ટ્રીઝ નું મીટર પ્રફોર્મા મુજબ તા.૨૧/૦૪/૨૦૨૨ ના રોજ ઉતારવામાં આવેલ છે, જે પછીના મહીને ફીક્સ ચાર્જ રૂ.૩૨૫/– જે ૧૮ માસના ચાર્જ લગાવવામાં આવેલ છે, જે તા.૦૬/૦૪/૨૦૨૪ ના રોજ ID No. ૩૦૯૪૮૩૩૬ રકમ ૫૮૫૦/– તેમના વીજબીલના ખાતામાં જમા કરી આપવામાં આવેલ છે.

૨.૨ વાદી જણાવે છે કે, વર્ષ ૨૦૧૮–૨૦૨૨ વર્ષ દરમ્યાન ૦ યુનીટના જે બીલો આપવામાં આવેલ હતા, તેમાં વધારાના ચાર્જ આપવામાં આવેલ છે પણ ખરેખર જે ૦ યુનીટના બીલ આપવામાં આવેલ છે તેમાં મીનીમમ ફીક્સ ચાર્જ જ લગાવવામાં આવેલ છે તેમજ અમુક સમયના બીલોમાં લોક પણ આપવામાં આવેલ છે તેવા કિસ્સામાં લોક બીલની પ્રોવિઝનલ બીલ તરીકે ઉભી થયેલ જે પછીના બીલમાં જયારે સીસ્ટમ દવારા લોક ઓપન કરવામાં આવેલ હતાં, તેમાં તમામ લોક પ્રોવિઝનલ બીલની રકમ લેઝર મુજબ જયારે સીસ્ટમ દવારા લોક ઓપન કરવામાં આવેલ હતા, તેમાં તમામ લોક પ્રોવિઝનલ બીલની રકમ લેઝર ૧૪૫ પી.આર.ટી. મુજબ જમા આપવામાં આવેલ છે, જે માલુમ પડે છે કે કોઈ વધારાની ચાર્જ લગાવવામાં આવેલ નથી.

૨.૩ વાદી જણાવે છે કે, મીટર નં. PG ૬૮૨૭૯૯ બાબતે ૧૨૦૦૦ થી ૧૫૦૦૦ યુનીટનો જમ્પ મારેલ છે, જે બાબતે સદર મીટર લેબ પરીક્ષણ થતાં, લેબ શીટ નં.૬૩૪૨૨ તા.૧૬/૦૫/૨૦૨૨ મુજબ તેમજ પેજ નં.૧૩ MRI ડેટા મુજબ લેબના સક્ષમ અધિકારી તેમજ અત્રેની કચેરીના અધિકારી દવારા લેબમાં સ્પષ્ટ થાય છે કે, મીટરમાં કોઈ પ્રકારનું જમ્પ કે ડીફેકટીવ કે એબ્નોર્મલ આવેલ નથી, તો કોઈપણ યુનીટ કે રકમ બાદ કરવાપાત્ર નથી.

૨.૪ વાદી જણાવે છે કે, સીજીઆરએફ કેસ નં.૭૮ તા.૧૬/૦૩/૨૦૨૪ ના ઓર્ડરમાં DPC નો કોઈ ઉલ્લેખ કરવામાં આવેલ નથી, તો આપને જણાવવાનું કે, આપના તરફથી જે રજુઆત કે ફરીયાદ હોય તેનું નિવારણ કરી આપવામાં આવેલ હોય છે. જે બાબતે ફરીયાદ નિવારણ ફોરમ એક મધ્યસ્થી તરીકે વાદી તેમજ પ્રતિવાદી વચ્ચેના પ્રશ્નોનું નિરાકરણ કરી આપવામાં આવતું હોય છે. જે આપના બાકી નાણા ભરપાઈ કરેલ ન હોય તે દિવસથી બાકી રકમ ભરપાઈ કરવામાં આવે ત્યાં સુધીનું વ્યાજ લેવામાં આવતું હોય છે. જે કંપનીના સપ્લાય કોડ મુજબનો નિયમ લાગુ પડતો હોય છે. ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમને વ્યાજ માફ કરવાની કોઈ અધિકાર અલગથી હોતા નથી, જે પ્રવર્તમાન નિયમ અનુસારના નિયમોને જ લાગુ પડતા હોય છે. તો આપને ઉપરોક્ત રકમ વ્યાજ સાથે નાણા ભરપાઈ કરવાના રહેશે અન્યથી આપને વ્યાજ માફી માટેનો લાભ લેવો હોય

Consumer Grievances Redressal Forum P.G.V.C.L. Bhavnagar

તો આપને લોકઅદાલતમાં ભાગ લેવાનો રહેશે. જયાં આપને લોકઅદાલતના નિયમો અનુસાર વ્યાજ માફીનો લાભ આપવામાં આવશે. જે આપને અગાઉ આપેલ ચુકાદામાં મૂળ રકમનો ઉલ્લેખ કરવામાં આવેલ છે. વ્યાજની રકમની ગણતરી જે તે કચેરી દવારા આપવામાં આવતી હોય છે.

૨.૫ વાદી જણાવે છે કે તેઓને આપવામાં આવેલ FCA-ED નો ચાર્જ જે તે વર્ષ દરમ્યાનનો ઓછા દર મુજબ ગણતરી કરી આપવામાં આવેલ નથી. તો આપ સાહેબને જણાવવાનું કે આ સાથે શીટમાં ૭૧ માસ ના બીલની ગણતરી જે તે સમયે વર્ષ મે–૨૦૧૭ થી એપ્રિલ–૨૦૨૨ સુધીના ચાલતા દર મુજબ જ ગણતરી કરી, બીલ રીવાઈઝડ કરી આપવામાં આવેલ છે.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી શ્રી ઓમ ઈન્ડસ્ટ્રીઝ, વઢવાણ પ્રતિવાદીના તા.૧૭/૦૩/૨૦૨૩ ના ૩૪૮૯૨ યુનીટના રૂા.૩,૦૧,૮૫૬–૮૮ બીલ સામે તકરાર હોય ફોરમને રજુઆત કરેલ, જેને ફોરમ દવારા કેસ નં.૭૮/૨૩–૨૪ થી રજીસ્ટર્ડ કરીને તેનો ચુકાદો પત્ર નં.૨૪૨ તા.૧૬/૦૩/૨૦૨૪ થી આપવામાં આવેલ, જેની સામે તથા વાદી દવારા તે ચુકાદાની અમલવારી સામે વાંધો ઉપસ્થિત થતાં, ફોરમને કેસની પુનઃ સમીક્ષા કરવા વિનંતી કરવામાં આવેલ.

૩.૨ ફોરમ દવાર વાદીની રીવ્યુ અરજીને માન્ય ગણીને આજરોજ તા.૨૯/૦૫/૨૦૨૪ ના રોજ રૂબરૂ સુનાવણી રાખવામાં આવેલ છે. જેમાં બન્ને પક્ષકારો એ ઉપસ્થિત કરીને પોતાનો પક્ષ રજુ કરેલ છે.

૩.૩ સુનાવણી દરમ્યાન રજુ થયેલ રેકોર્ડ, રજુઆતોને ધ્યાને લેતાં ફોરમને જણાય છે કે, પ્રતિવાદી દવારા ફોરમનાં ચુકાદા ની અમલવારીની કરવામાં આવેલ કાર્યવાહી ક્ષતિપુર્ણ છે, આ સાથે વાદીની અન્ય રજુઆત અંગે પણ સમીક્ષા કર્યા બાદ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

(૧) અરજદાર દ્વારા તા. ૦૫/૦૫/૨૦૨૦ ના રોજ લોડ ઘટાડાની અરજી કરેલ છે તે તારીખ મુજબની લોડ ઘટાડાની અસરની ગણતરી કરવી અને બિલીંગ લોડ તે મુજબ એટલે કે ઘટાડેલ લોડ મુજબ જ ગણવાનો રહેશે.

(૨) વીજ જોડાણ તા. ૨૧/૦૪/૨૦૨૨ ના રોજ કાયમી ધોરણે બંધ કરવામાં આવેલ હોય તા. ૨૧/૦૪/૨૦૨૨ પછીના તમામ ન્યુનતમ રકમના બીલો રદ ગણવા.

(૩) વર્ષ ૨૦૧૮-૨૦૨૨ દરમ્યાન જે લોકના બીલો આપેલ છે તે સીસ્ટમમાં જમા આપવાના રહેશે અને ઝીરો યુનીટ પેટે વસુલેલ રકમ જમા આપવી.

૪) લેબોરેટરી ના એમ.આર.આઈ. ડેટા મુજબ કોઈ જંપ કે ત્રાંતિક ખામી જણાતી નથી. ૧૨૦૦૦ થી ૧૫૦૦૦ યુનિટનો વપરાશ જંપ મારી ગયાની રજૂઆત માં તથ્ય નથી.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

(૫) ઉપરોક્ત તમામ મુદા અનુસાર અગાઉ કરેલ હુકમ મુજબ પ્રોરેટા મુજબજે સુધારેલ બીલ બનાવવાનું થાય તે જે તે સમયના પ્રવર્તમાન ટેરીફ અને ફ્યુઅલ ચાર્જ મુજબ જ બનાવાવનું રહેશે. આ બીલ ની રકમ ઉપર જે વ્યાજની રકમ થાય તે માફી માટે અરજદાર ઈચ્છે તો લોક અદાલત માં કેસ મૂકી શકે છે પ્રતિવાદી પીજીવીસીએલનાં અત્રે હાજર અધિકારીને જણાવીને આ અંગે. અરજદારને યોગ્ય માહિતગાર કરવા ફોરમ દ્વારા રૂબરૂ સુચના આપવામાં આવેલ છે.

**—:: હુકમ ::—**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૩ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ—૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જીલ્લા સેવા સદન—૩, ત્રીજો માળ, બ્લોક નં—૧, સરકારી પ્રેસ રોડ, રાજકોટ—૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રી જે.એમ મહેતા)
સ્વતંત્ર સભ્યશ્રી

(શ્રી પી. જે. મહેતા)
ટેકનીકલ સભ્યશ્રી

(એન.સી.મકવાણા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

તારીખ :— ૨૯/૦૫/૨૦૨૪.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar